# Truth, Love અને Compassion



મારા પ્રથમ ગુજરાતી પુસ્તક ‘સર્જનની સંવેદના’નો સુંદર રિવ્યુ પદ્મશ્રી શ્રી શાહબુદ્દીન રાઠોડે લખી આપ્યો હતો. પુસ્તકના લોકાર્પણદિવસ પછીના શનિવારે મારે રાજકોટ સ્ટર્લિંગ હૉસ્પિટલમાં આઉટરીચ ઓપીડી હતી. રાજકોટથી વળતાં હું થાનગઢ શાહબુદ્દીન રાઠોડસાહેબને મળી મારું પુસ્તક તેમને ભેટ આપવા ગયો. મારા ડ્રાઇવર નાનજીભાઈએ ગાડી ચોટીલાથી અંદર તરફ વાળી. ચોમાસાનો પહેલો વરસાદ થઈ ગયો હતો અને ચોટીલાથી થાનગઢનો અઢાર કિલોમીટરનો રસ્તો એકદમ નયનરમ્ય હતો. રસ્તામાં બંને તરફ લીલોતરી અને એક-બે નાનાં તળાવ જોયાં. ત્યાર બાદ કોતરેલા આછા બદામી પથ્થરો દેખાયા જે વર્ષો પહેલાં થાનમાં મળી આવેલી ચિનાઈ માટીના પુરાવા આપી રહ્યા હતા. એક વખત શાહબુદ્દીનભાઈએ કરેલી વાત યાદ આવી ગઈ કે થાનમાં ઘરે ઘરે સિરામિકનાં કારખાનાં છે અને માથાદીઠ સરેરાશ આવકમાં થાન એ ભારતમાં પહેલા પાંચ શહેરોમાંનું એક છે.

'આશિયાના' સામે મારા ડ્રાઇવરે ગાડી રોકી. દરવાજાની બીજી બાજુ બેઠેલા અફઝલભાઈને દરવાજા સુધી આવવું ના પડે એટલે મેં ઝાંપો ખોલવાનો પ્રયત્ન કર્યો અને તેમણે ઝડપથી ઊભા થઈ ઝાંપો ના ખોલવા ઇશારો કર્યો. મને થયું, કોઈક બીજા દરવાજેથી સાહેબને મળવા જવાનું હશે? ત્યાં તો લગભગ ચાર ફૂટ ઊંચો જર્મન શેફર્ડ કૂતરો, સાવજની જેમ ભસતો-ભસતો ઝાંપા તરફ ધસી આવ્યો. હું ગભરાઈ ગયો હતો. અફઝલભાઈએ સિફતથી તેને ફળિયાના એક ખૂણે બાંધી દીધો અને મને કહ્યું, "આ કારણે ઝાંપો ખોલવાની ના પાડતો હતો સાહેબ. આવો અંદર, એ થોડી વાર ભસશે, કંઈ કરશે નહીં. આ સીડીથી ઉપર આવેલા હૉલમાં બેસો. સાહેબ આવે જ છે. તમારા વિશે પૂછતા જ હતા."

હું પહેલા માળે આવેલા હૉલમાં સોફા પર ગોઠવાયો અને દીવાલો પર લગાવેલાં સર્ટિફિકેટ્સ, પુરસ્કારો અને ફોટોગ્રાફ્સ જોવા લાગ્યો. સાહેબને ૨૦૨૦માં ઘોષિત થયેલા પદ્મશ્રી પુરસ્કારનો ઉલ્લેખ કરતા શીલ્ડ પણ જોયા. સોફા પર ગોઠવાયેલાં ચિત્રો દ્વારા તેમનાં પેઇન્ટિંગના શોખ વિશે જાણવા મળ્યું અને ટેબલ પર ગોઠવેલા હાર્મોનિયમથી તેમનો સંગીત-પ્રેમ પણ છતો થયો. થોડી વારમાં શાહબુદ્દીનભાઈ આવ્યા અને મેં મારું પુસ્તક ભેટ તરીકે આપ્યું. તેમનો રિવ્યુ પુસ્તકમાં કેવી રીતે આલેખાયો છે તે પણ દર્શાવ્યું. પછી તેમની સાથે વાત-વાતમાં અઢી કલાક ક્યાં પસાર થઈ ગયા તેની ખબર જ ના રહી. નીકળતી વખતે તેમણે તેમનું પુસ્તક મને આપ્યું, મને ધીમું હસીને, તેમની શૈલીમાં, જેનાથી આપણે સૌ ગુજરાતીઓ ઘણા વાકેફ છીએ, તેમણે કહ્યું, "ફોટો નથી પડાવી લેવો? લ્યો અફઝલને તેડાવું."

"ફોટો તો પડાવવો જ છે, પણ આ પુસ્તકમાં તમારા હાથથી એક સુંદર સંદેશ લખી આપો."

'અહીં આવો. આ મારો રૂમ છે, જ્યાં હું લખાણ કરું છું. મને હોલ્ડરવાળી પેન ગમે. તેનાથી લખાણ સુંદર આવે. જે કૃષ્ણામૂર્તિ એ એક મહાન ફિલસૂફ હતા, તે કહેતા હતા...'

શાહબુદ્દીનભાઈએ પુસ્તક હાથમાં લઈ તેમના સુંદર અક્ષરમાં નીચેનાં વાક્ય લખ્યાં.

> "Truth means to see the thing as it is, Love means dedication without expectation, Compassion means passion for all."
>
> - J. Krishnamurti

શાહબુદ્દીનભાઈની સરળ જીવનશૈલીથી હું અંજાઈ ગયો હતો. "Simple Living & High Thinking." આ phraseના તે એક જાણે જીવંત ઉદાહરણ હતા. થાનથી અમદાવાદ પરત ફરતાં, ઉપર લખેલું વાક્ય મેં ત્રણ-ચાર વખત વાંચ્યું અને મારી જ ઓપીડીમાં બે દિવસ પહેલાં જોયેલું એક દર્દી અને તેનો પરિવાર મને યાદ આવી ગયા. જાણે માતા-પિતા જે. કૃષ્ણમૂર્તિએ કરેલી વાતને તેમના જીવન થકી વાચા આપતાં હતાં. ચાલો "અભય"ની વાત કરું.

■

ડૉ. કાર્તિકભાઈ અને ડૉ. સીમાબહેનનાં પ્રેમલગ્ન થયેલાં, કુટુંબીઓ પણ તેનાથી ખુશ. કાર્તિકભાઈ વ્યવસાયે ગાયનેકોલૉજિસ્ટ અને સીમાબહેન ઍનેસ્થેટિસ્ટ. લગ્નનાં બે વર્ષમાં જ તેમને ત્યાં બાળજન્મનો અવસર આવ્યો.

બંને બાજુ આ પહેલું જ ગ્રાન્ડ-ચાઇલ્ડ આવવાનું હતું.

પોતે ગાયનેકોલૉજિસ્ટ હોવાના કારણે, સીમાબહેનનો પ્રેગ્નન્સી દરમિયાન પ્રોગ્રેસ જોઈ કાર્તિકભાઈ ખુશ હતા. ડિલિવરીનો દિવસ આવી ગયો. પોતાના મિત્રને સાથે રાખી કાર્તિકભાઈએ જ સિઝેરિયન કરવાનું નક્કી કર્યું. તેમના પીડિયાટ્રિક મિત્ર પણ નવજાત શિશુને તપાસવા માટે તૈયાર ઊભા હતા અને થિયેટર બહાર વીસેક કુટુંબીઓ આ નવા મહેમાનને આવકારવા.

નવજાત શિશુનું પહેલું રુદન માબાપને અને ડૉક્ટરોને સ્મિત આપતું હોય છે, પણ આ બાળક જરાય રડ્યું નહીં. પીઠમાં એક-બે વાર થાપટ મારી તેને જગાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો, પણ રુદન જન્મ્યું નહીં ને બાળક ભૂરું પડવા લાગ્યું. કુટુંબીઓ બાળકનું મુખ જુએ તે પહેલાં પીડિયાટ્રિશ્યન તેને કૃત્રિમ રીતે ટ્યુબ દ્વારા શ્વાસ આપતાં-આપતાં જ ઍમ્બ્યુલન્સમાં NICU તરફ લઈ જવા રવાના થઈ ગયા.

Spinal Anaesthesiaની અસર હેઠળ સીમાબહેન સ્વસ્થ હતાં, તેમણે થોડી દોડધામ જોઈ ઉચાટભર્યા સ્વરમાં પૂછ્યું, “કાર્તિક, શું થયું?”

“Don’t Worry, બચ્ચું રડ્યું નથી એટલે થોડો Oxygen આપવા માટે ડૉક્ટર લઈ ગયા છે.”

“મને તેનું મોઢું તો બતાવવું હતું.” સીમાબહેનની આંખોના કિનારે પાણી આવ્યું.

“હમણાં આવી જ જશે, પછી તારે તેનું મોઢું જ આખો દિવસ જોવાનું છેને. આપણે બાબો આવ્યો છે.” સીમાબહેનના માથા પર હળવેકથી હાથ ફેરવતાં કાર્તિકભાઈએ કહ્યું અને મનમાં વિચાર્યું કે દીકરાના ભૂરા પડી ગયેલા મુખને જોવું તેમનાં પત્ની માટે ખૂબ અઘરું પડી જાત. સીમાબહેને સ્મિત આપી કાર્તિકભાઈનો હાથ પકડી રાખ્યો.

NICUના કાચની બહારથી કાર્તિકભાઈ તેમના બાળકને વેન્ટિલેટર દ્વારા શ્વાસ લેતું જોઈ રહ્યા હતા. બાળકનાં ફેફસાં સમયસર ખૂલ્યાં ન હોવાથી તેને કૃત્રિમ રીતે કામ કરતાં રાખવા માટેના પ્રયત્નો ચાલી રહ્યા હતા. ચાર દિવસ પછી બાળકે જાતે શ્વાસ લેતાં હવે વેન્ટિલેટર દૂર કરવામાં આવ્યું. બે દિવસ પછી તે સીમાબહેનની પડખે સૂતું હતું, ત્યારે પહેલી વાર પતિ-પત્ની એકબીજા સામે જોઈ હસ્યાં. અસંખ્ય ડિલિવરી અત્યાર સુધી કરાવી હોવા છતાં, પોતાના જ બાળકના જન્મ દરમિયાન પડેલી તકલીફોએ તેમનું સ્મિત છીનવી લીધું હતું. ‘બાબો આવે તો અભય નામ રાખીશું’ - એ વાત યાદ કરી હવે બાળકને ‘અભય’થી સંબોધવાનું શરૂ થયું.

ત્રણ મહિને અભય મમ્મી-પપ્પાને ઓળખી સ્મિત આપતો થયો, પણ તેનું માથું પકડી રાખી ન શકતો. માથું હંમેશાં એક તરફ ઢળી જતું. છ મહિને પણ આ જ પરિસ્થિતિ રહી એટલે બાળકોના ન્યુરોલૉજિસ્ટની સલાહ લઈ મગજનો MRI કરાવવામાં આવ્યો. “કાર્તિકભાઈ, જન્મ પછી તરત મગજને ઑક્સિજન ન મળવાના કારણે અભયને બ્રેઇનમાં ઘણું ડૅમેજ થયું છે. શરીર સંતુલિત કરવાના અને સ્નાયુ કંટ્રોલ કરવાના એરિયામાં પણ ઘણું નુકસાન થયું છે. કદાચ આ બાળક આપમેળે ચાલી નહીં શકે. I am sorry. તેને નિયમિત કસરત કરાવવી પડશે.”

આ વાત સાંભળી મમ્મી-પપ્પા ભાંગી પડ્યાં. તેમણે જોયેલાં સ્વપ્નો પત્તાંના મહેલની જેમ એક ક્ષણમાં જ વીખરાઈ ગયાં હતાં. ઘરે પહોંચી બેડરૂમમાં પતિ-પત્ની એકબીજાને ભેટી ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યાં. પાછળ બેડ પર સૉફ્ટ ટૉયને જોઈ અભય હસી રહ્યો હતો. જાણે તે મમ્મી-પપ્પાને કહેતો હતો કે 'હું તો આ પરિસ્થિતિમાં પણ આનંદમાં રહેવા માગું છું, તમે શા માટે દુઃખી થાઓ છો?' બસ કાર્તિકભાઈ અને સીમાબહેને નક્કી કર્યું, અભયને આપણે હંમેશાં ખુશ રાખવો છે.

ધીમે ધીમે અભય મોટો થતો ગયો અને સાથે સાથે કાર્તિકભાઈની પ્રૅક્ટિસ. સીમાબહેન ગવર્નમેન્ટ હૉસ્પિટલમાં હોવાથી ૯થી ૫નો સમય બહાર રહેતાં. કાર્તિકભાઈએ તેમનું કામ અભયના શેડ્યુલની આસપાસ ગોઠવી નાખ્યું. સવારે ૯ વાગ્યે પોતાની સાથે અભયને હૉસ્પિટલ લઈ જઈ સાથે જ ચા-નાસ્તો કરે. અભયને અલગ રૂમ ફાળવી તેના માટે મોબાઇલ-ટીવી અને એક આત્મીય નર્સની વ્યવસ્થા કરવામાં આવી. બપોરે એક વાગ્યે, અભયનો મેસેજ આવે, 'પપ્પા, ભૂખ લાગી છે.' એટલે બધું જ પડતું મૂકી સાથે તેઓ લંચ કરે. સૌ દર્દીઓ પણ આ વાત જાણે અને અડધો કલાક હૉસ્પિટલ આખી સ્થિર થઈ જાય. અભયનું ડાયપર બદલાવી પછી કાર્તિકભાઈ ઓપીડી શરૂ કરે. અભય પણ આત્મીય એટલે વ્હીલચૅરમાં રિસેપ્શન પર બેસવાનું પસંદ કરે. આવતા-જતા દર્દીઓના તેની ભાષામાં ખબરઅંતર પૂછે અને ક્યારેક ચૉકલેટ-આઇસક્રીમની પાર્ટી પણ મેળવી લે. સાંજે પાંચ વાગ્યે ફરી ચા-નાસ્તો અને છ વાગ્યે અભયને લઈ કાર્તિકભાઈ ઘરે પાછા ફરે.

અભય પિક્ચર જોવાનો શોખીન. રોજ ડિનર પછી પોતાની સી. પી. ચૅરમાં ટીવી સામે ગોઠવાય અને શાહરુખ-અમિતાભ બચ્ચનનો તો તે ભારે ફૅન. તેમનાં પિક્ચર આવે ત્યારે, ભલે મોંમાંથી લાળ ઝરે, પણ તે ચિચિયારીઓ બોલાવે. કાર્તિકભાઈ રાત્રે ૧૨-૩ અભય સાથે બેસી પિક્ચર જુએ. એક સમયે તેમના માટે બનાવેલું જિમ હવે હોમ-થિયેટરમાં પરિવર્તિત થઈ ગયું હતું.

સવારે ઊઠ્યા પછી, અભયને રોજ ત્રણ કલાક RJ ધ્વનિતને સાંભળવા જોઈએ. આ માટે સીમાબહેન, સવારનો 'મૉર્નિંગ મંત્ર' રેકૉર્ડ કરી રાખે. જો કોઈ દિવસ આ નિત્યક્રમ ભુલાઈ જાય તો અભય કોઈની સાથે વાત

ના કરે. 'બા...યો...સ્કોપ...' ધ્વનિતે કરેલા નવા પિક્ચરના રિવ્યુને ક્યારેય તે ચૂકતો નહીં.

પોતાની વ્યસ્ત પ્રૅક્ટિસમાં પણ દંપતી, અભયનું રૂટીન જાળવવામાં કોઈ કચાશ બાકી ન રાખતાં. દરેક વેકેશનમાં બધાં સામાન્ય બાળકની જેમ અભયને લઈ તેઓ રજાઓ માણવા જતાં. અભયે પોતાની વ્હીલચૅરમાં જ આશરે દુનિયાના આઠ દેશોની સફર ખેડી છે. અભયના આગ્રહને વશ થઈ, કાર્તિકભાઈ તેને મુંબઈમાં અમિતાભ બચ્ચનના 'જલસા' અને શાહરુખ ખાનના 'મન્નત'ને બતાવવા પણ લઈ ગયા હતા.

અમદાવાદમાં બનેલા નવા ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ રહેલી T20 મૅચ હોય કે નવી બનેલી કોઈ રેસ્ટોરાં, મને અભય અને મમ્મી-પપ્પા ઘણી વાર મળી જાય. કાર્તિકભાઈ અભયને તેડે અને સીમાબહેન તેની વ્હીલચૅરને. જીવનનાં દરેક કપરાં ચઢાણ તેમણે આ રીતે પાર પાડ્યાં હતાં.

સાત વર્ષ પહેલાં, અભયના પગ, થાપામાંથી પહોળા ઓછા થતા હોવાથી જ્યારે તેઓ મને મળવા આવ્યા, ત્યારે મેં જોયું કે તેના થાપાનો ગોળો સૉકેટમાંથી બહાર છટકી રહ્યો છે. એક્સ-રેને વ્યુ-બૉક્સમાં ગોઠવી માતા-પિતાને આ વાતથી માહિતગાર કરી, ઑપરેશન દ્વારા તે ગોળાને અંદર બેસાડવો પડશે તેમ મેં સલાહ આપી. રાત્રે કાર્તિકભાઈનો ફોન આવ્યો. 'મૌલીન, અભયને કોઈ દુખાવો થતો નથી. તેને કપડાં પહેરવામાં અને ક્લીન કરવામાં અમને થોડી તકલીફ પડે છે, જે અમે ચલાવી લઈશું. તેનો એક્સ-રે ખરાબ દેખાય છે, પણ એ તો પોતાની મજામાં જ છે. એટલે મેં અને સીમાએ તેનું ઑપરેશન ન કરવાનું નક્કી કર્યું છે. અમે તને નિયમિત મળતાં રહીશું.' મેં તેમના નિર્ણયને આવકાર્યો.

આ વાતને સાત વર્ષ વીતી ગયાં. હવે અભયના થાપાનો ગોળો સંપૂર્ણ ડિસલોકેટ થઈ ગયો હતો. તેને ડાયપર પહેરાવતી વખતે તે સામાન્ય દુખાવાનો હુંકાર કરતો. કાર્તિકભાઈ મને મળવા આવ્યા હતા. 'મૌલીન, હવે અભયને પણ દુઃખતું હોય તેમ લાગે છે. તેને pain-free કરવા, મને લાગે છે, હવે ઑપરેશન કરવું પડશે. તે બોલતો નથી, પણ તેના હાવભાવથી હું તેનું દુઃખ કળી શકું છું.'

મેં તેમને ઑપરેશનની તારીખ આપી. અને બહાર જતાં તેમને પાછા બોલાવ્યા. અભયને આટલાં વર્ષો સુધી, તેની પોતાની રીતે કંઈ પણ કરી શકવાની ક્ષમતા ન હોવા છતાં, તેમણે કેવી રીતે આનંદિત રાખ્યો અને પોતે આનંદિત રહ્યા તે વિશે પૂછ્યું. તેમનું જીવન બીજાં અસંખ્ય આવાં સેરેબ્રલ -પાલ્સીથી પીડાતાં બાળકોનાં મા-બાપને એક અનોખો અભિગમ શીખવશે, તે આશાએ મારા બીજા પુસ્તક 'સર્જનની સફર'માં સમાવિષ્ટ કરવા પરવાનગી પણ માગી.

જે કૃષ્ણામૂર્તિએ આપેલી Truth, Love અને Compassionની વ્યાખ્યાઓને કાર્તિકભાઈ-સીમાબહેને સાચા અર્થમાં જીવી જાણી હતી.



# GOLDEN HOUR

“રહીમ, રહીમ કુરેશી?” મારી હૉસ્પિટલમાં રિસેપ્શન સ્ટાફનો ઇન્ટરવ્યુ હું લઈ રહ્યો હતો.

“હા, સર.” આશરે વીસેક વર્ષના નવયુવાને ઉત્સાહ સાથે જવાબ આપ્યો.

“તમે B.Com. કર્યું છે? અત્યારે શું કરો છો?”

“હા, સર, B.Com. ગયા વર્ષે જ પત્યું. હમણાં Computer Classes કરી રહ્યો છું. Tally પણ આવડે છે.” રહીમે જણાવ્યું.

“આની પહેલાં ક્યાંય કામ કર્યું છે?” મેં પૂછ્યું.

“ના સર, પણ પપ્પાની જુહાપુરામાં Xerox અને સ્ટેશનરી શૉપ છે, તેમાં મદદ ઘણા સમયથી કરું છું.”

“Computerમાં શું ફાવે છે?”

“સર બધું જ, Word, Excel, PPT, English typing પણ સારું ફાવે છે.”

"Fine, ઘરમાં બીજી કઈ વ્યક્તિઓ છે?" હું કેન્ડિડેટ્સનું ફેમિલી બૅકગ્રાઉન્ડ જાણવાનો આગ્રહ રાખું છું.

"મમ્મી હાઉસ-વાઇફ છે. નાનો ભાઈ દસમામાં ભણે છે. પપ્પાની શૉપ હમણાં બહુ સારી નથી ચાલતી એટલે તેમણે મને જૉબ શોધવાનું કહ્યું છે. ઘરના ખર્ચ પણ વધી રહ્યા છે. અને નાના ભાઈને ટ્યૂશન પણ રખાવવાનાં છે." નાની ઉંમરે સામાજિક જવાબદારી નીભાવવાની ખુમારી ધરાવતા યુવાનો મને ગમે. સાથે સાથે પોતાની પરિસ્થિતિ વિશે નિખાલસતાથી વાત કરતા, સાચા યુવકો આજકાલ મળવા મુશ્કેલ હોય છે. મને સ્માર્ટ નહીં, સાચી વ્યક્તિઓને નોકરી આપવાનું વધુ યોગ્ય લાગે.

પ્રાથમિક વાત પછી, મેં રહીમને આવતા સોમવારથી નોકરી પર જોડાઈ જવાની સૂચના આપી. રહીમ તરત જ બીજા સેક્રેટરી અને સ્ટાફ સાથે હળી-મળી ગયો હતો. દર્દીઓ સાથે વાત કરવામાં પણ તે શાલીનતા દાખવતો. કયા દર્દીને ઉતાવળ છે - કયા દર્દીને emergencyમાં જોવું પડશે - આ સૌ બાબત તે ઝડપથી શીખી ગયો હતો. કોઈ પણ કામ માટે તે ક્યારેય છોછ કે થાક ન દર્શાવતો. થોડાક જ સમયમાં રિસેપ્શન પરનાં બધાં જ કામમાં તેણે નિપુણતા મેળવી લીધી હતી.

■

રહીમને નોકરીમાં જોડાયાને ત્રણેક મહિના થયા હશે. એક સવારે વ્યસ્ત ઓપીડીમાં, દર્દીના નીકળ્યા પછી તે અંદર આવ્યો.

"યસ, રહીમ?" મેં પૂછ્યું.

"સર, મારે ઘરે જવું પડશે. પપ્પાની તબિયત સારી નથી."

"શું થયું તેમને?"

"પપ્પાને સવારથી વૉમિટ જેવું થાય છે. છાતીમાં પણ દુખે છે. કદાચ ઍસિડિટી હશે. ગઈ કાલે રાત્રે અમે બધાએ પાંઉ-ભાજી ખાધી હતી. એ બહુ સ્પાઇસી હતા. હમણાં જ ફોન આવ્યો કે તેમને હજુ ચેન નથી પડી રહ્યું." રહીમની આંખોના ખૂણામાં પાણી ઊપસી આવ્યું.

"હા, તું જા. કંઈ જરૂર હોય તો કહેજે." વેઇટિંગ રૂમમાં ખૂબ ભીડ હોવાના કારણે, મેં ટૂંકમાં, વધુ પૂછપરછ ન કરતાં તેને જવાની પરવાનગી આપી. "ધવલને કહે, next પેશન્ટ મોકલે."

રહીમના ગયા પછી, તેનો સંવાદ મને યાદ આવ્યો. 'વૉમિટ-છાતીમાં દુ:ખાવો-ચેન નથી પડતું.' રહીમના પપ્પા આશરે ૪૫-૪૭ વર્ષના હશે. કદાચ તેમને હાર્ટઅટૅક તો નહીં હોયને? મેં તરત રહીમને મોબાઇલ પર ફોન કર્યો, પણ ફોનમાં રિંગ જ વાગતી હતી. કદાચ એ તેનું વેહિકલ ચલાવતો હશે.

આશરે દસેક મિનિટ પછી રહીમનો ફોન આવ્યો.

"હા, સર?"

"અરે ભાઈ, પપ્પાને કોઈ હાર્ટની તકલીફ તો નહોતીને પહેલાં? બ્લડપ્રેશર-ડાયાબિટીસ એવું કંઈ?"

"ના સર. કાકા તેમને નજીકના અમારા G.P.ના ત્યાં લઈ ગયા છે." રહીમના અવાજમાં થોડો ગભરાટ હતો.

"સારું, ડૉક્ટરને મારી સાથે વાત કરાવજે." મેં ફોન કટ કર્યો.

થોડીક વારમાં ફરી રહીમનો પાછો ફોન આવ્યો, "સર, આપું છું ડૉક્ટરસાહેબને."

"હા... ડૉ. હાતિમ બોલું."

"ડૉ. મૌલીન શાહ બોલું છું. રહીમના પપ્પાને કોઈ કાર્ડિયાક ઇવેન્ટ તો નથી લાગતીને?" મેં પૂછ્યું.

"ના સાહેબ, ઈ.સી.જી. તો બરાબર લાગે છે. થોડું પ્રેશર ઓછું છે અને શુગર વધારે આવે છે. એક બાટલો શરૂ કરું છું. આવી જશે એમ લાગે છે." તેમણે જણાવ્યું.

"જુઓ ભાઈ, તમને કંઈ હાર્ટ પ્રૉબ્લેમ લાગતો હોય તો તરત તેમને મોટી હૉસ્પિટલ મોકલી દેજો, જ્યાં કાર્ડિયોલૉજિસ્ટનો ઑપિનિયન લઈ શકાય." મેં ભારપૂર્વક કહ્યું.

“હા, થોડી વાર રાહ જોઈએ. આમ તો, દવાઓ આપ્યા પછી તેમને સારું લાગે છે. પ્રેશર થોડું વધ્યું છે.”

“Fine. રહીમ, મને અપડેટ કરતો રહેજે.” હવે મને ચેન પડી નહોતું રહ્યું. મેં મનોમન વિચાર્યું, રહીમના પપ્પા હેમખેમ ઘરે આવી જાય તો સારું.

અડધો એક કલાક પછી ફરી રહીમનો ફોન આવ્યો “સર, લ્યો સાહેબને ફોન આપું.”

“હા, ડૉ. હાતિમ કેમ છે ભાઈને?”

“સાહેબ, પ્રેશર ઉપર આવતું નથી. એક કાર્ડિયોલૉજિસ્ટ નજીકમાં જ છે. તેમને બોલાવ્યા છે.”

“અરે ભાઈ, તમે દર્દીને ત્યાં રાખી સમય શા માટે વેડફી રહ્યા છો? નજીકમાં જીવરાજ હૉસ્પિટલ છે ત્યાં મોકલી દો. ઇમર્જન્સીમાં એ લોકો જોઈ લેશે.” મેં ગંભીરતાથી કહ્યું.

“લ્યો, કાર્ડિયોલૉજિસ્ટ આવી ગયા. કરું સાહેબ ફોન.” ફોન કટ થઈ ગયો. મારું મન હવે ઓપીડીમાં ઓછું લાગી રહ્યું હતું.

“સર, ડૉક્ટરે કહ્યું છે કે જીવરાજમાં પપ્પાને લઈ જાઓ. હું અને કાકા જઈએ છીએ ત્યાં રિક્ષામાં. ત્યાં કોઈ ઓળખતું હોય તો વાત કરજો સર, પ્લીઝ.” રહીમ રડું-રડું થઈ રહ્યો હતો.

“હા હું ત્યાં મારા મિત્ર ડૉ. વૈશલને વાત કરી લઉં છું. તમે નીકળો. હું પણ આવું છું. ચિંતા ના કરીશ. મેં મારી ઓપીડી અટકાવી, ડ્રાઇવરને ગાડી કાઢવા કહ્યું અને વેઇટિંગ રૂમમાં બેઠેલા દર્દીઓને થોડોક સમય વેઇટ કરવા.”

“મૌલીન, this fellow has been brought almost dead. શ્વાસ નથી ચાલતો, હાર્ટ બંધ થવામાં છે. અમે Adrenalin આપ્યું છે અને CPR કરી રહ્યા છીએ. ચાન્સ બહુ ઓછા લાગે છે.” વૈશલનો મારા પર ફોન આવ્યો.

“હેં? શું વાત કરે છે?” હું દસેક મિનિટમાં ICUમાં પહોંચ્યો, જ્યાં રહીમનાં મમ્મી આક્રંદ કરી રહ્યાં હતાં. રહીમ મને જોઈ મને ભેટ્યો અને

ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યો. ICU બેડ પર સ્થિર થયેલા રહીમના પપ્પાને જોઈ, મને થયું કે, આ દર્દી માટેનો ગોલ્ડન અવર વેડફાઈ ગયો અને આ કુટુંબનાં કેટલાંય ગોલ્ડન વર્ષો.

■

આ વાતને લગભગ બે વર્ષ વીતી ગયાં. એક મહિના પહેલાં, સવારે સાત વાગ્યે હું મારી ગાડીમાં જિમ્નેશિયમ જવા નીકળ્યો. રસ્તામાં હતો ત્યાં જ અમારા પાડોશી વિનીતભાઈનો ફોન આવ્યો, "મૌલીનભાઈ, સૉરી અત્યારે સવારના પહોરમાં તમને ડિસ્ટર્બ કરું છું. તમે મારા ઘરે આવી શકશો? રેખાને થોડી બેચેની લાગે છે અને શરીર પણ ઠંડું પડી રહ્યું છે."

"હા, આવું." મેં મારી ગાડી ફેરવી અને ઘર તરફ હંકારી.

"શું થયું આન્ટીને?" રેખાબહેનના કપાળે અને હાથ પર પરસેવો હતો. માથું આગળની બાજુ નમાવી તેમના નાઇટ ગાઉનમાં બેઠાં હતાં, વિનીતભાઈ પીઠ પર હાથ ફેરવી રહ્યા હતા.

"અરે, કાલે રાતથી તકલીફ ચાલુ થઈ છે. અમે પાંઉ-ભાજી ખાધી હતી ડિનરમાં. રાત્રે જ છાતીમાં દુઃખતું હતું. એક વાર વૉમિટ રાત્રે થઈ પછી સારું લાગતું હતું. આમ પણ રેખાને ઍસિડિટી છે જ." વિનીતભાઈ એ કહ્યું.

મેં રેખાબહેનની નાડી તપાસી. બહુ જ ધીમા ધબકારા હતા. બ્લડ-પ્રેશર ઓછું થઈ ગયું હશે. શરીર પણ ઠંડું હતું. રેખાબહેનનાં વહુ લીંબુપાણી પીવા માટે તેમને આગ્રહ કરી રહ્યાં હતાં.

"નહીં લેવાય શરબત મારાથી. નથી રહેવાતું. બંને ખભામાં દુઃખે છે. ચેન નથી પડતું મને." રેખાબહેન સ્થિર રહી શકતાં નહોતાં.

"શું લાગે છે મૌલીનભાઈ?" વિનીતભાઈએ એક ઑર્થોપેડિક સર્જનને મેડિકલ તકલીફ માટે ખૂબ આશા સાથે, પાડોશી હોવાના કારણે, આ પ્રશ્ન પૂછ્યો.

"આન્ટીને પહેલાં કોઈ કાર્ડિયાક ઇવેન્ટ કે પછી પ્રેશરની તકલીફ હતી?" મેં પૂછ્યું.

"ના, ના... બધું એકદમ નૉર્મલ. હાર્ટનું કંઈ લાગે છે?" વિનીતભાઈએ કહ્યું. રેખાબહેનને મસાજ આપવાનું કામ ચાલુ જ હતું.

"મારા એક કાર્ડિયોલૉજિસ્ટ ફ્રેન્ડને પણ વાત કરી છે. તેના માણસને ઈ.સી.જી. મશીન લઈ મોકલે છે. પછી રિપોર્ટ તેને વૉટ્સઍપ કરી દઈશું." રેખાબહેનના દીકરાએ વાત કરી.

મને બે વર્ષ પહેલાં ઘટી ગયેલો ઘટનાક્રમ યાદ આવી ગયો. આ વખતે કોઈ ચાન્સ લેવો નહોતો. મેં વિનીતભાઈને કહ્યું, "તમે ૧૦૮ને તાત્કાલિક ફોન કરો. અને તમારા ઘરમાં Ecosprin - Sorbitrate કોઈ દવા પડી છે? ના હોય તો હું મારા ઘરેથી લઈ આવું. ટેક્નિશિયન ઈ.સી.જી. કરવા આવે, તેનો સમય બગાડવો નથી. નજીકમાં CIMS હૉસ્પિટલમાં મારા મિત્ર ડૉ. પ્રણવ મોદીને કહું છું તે વાત કરી લેશે. કંઈ નહીં હોય તો પ્રાથમિક તપાસ પછી પાછાં ઘરે આવી જજો. આ Golden Hour આપણે વેડફવો નથી."

વિનીતભાઈ ઍમ્બ્યુલન્સવાળાને ઘરનો રસ્તો બતાવવામાં લાગી ગયા. દીકરો થોડા પૈસા પર્સમાં મૂકી તૈયાર થઈ ગયો. વહુ બાળકોને બેડરૂમમાં સૂઈ રહેવા સમજાવવા લાગી. હું રેખાબહેનની સાથે બેઠો. "હે ભગવાન, નથી રહેવાતું... ...નથી રહેવાતું!" રેખાબહેન નિઃસાસો નાખી રહ્યાં હતાં.

થોડીક જ વારમાં રેખાબહેન ૧૦૮ના સ્ટ્રેચર પર હતા. ડ્રાઇવરને કહ્યું, "CIMS ઇમરજન્સીમાં લઈ જવાનાં છે. મારે ત્યાં ફરજ પરના ડૉક્ટર સાથે વાત થઈ ગઈ છે."

ઍમ્બ્યુલન્સની સાયરન વાગી અને તે ઝડપથી રવાના થઈ, પાછળ વિનીતભાઈનો દીકરો ગાડી લઈને નીકળ્યો.

"બસ જો મૌલીન, સિવિયર એન્ટિરિયર વૉલ M.I. છે, હાર્ટઍટૅક જ છે. સમયસર આવી ગયા, નહીંતર આન્ટીને કદાચ બચાવી ન શક્યાં હોત. ઍન્જિયોગ્રાફીમાં ૧૦૦% બ્લૉક હતો અને ઇજેક્શન ફ્રૅક્શન ખાલી ૨૦% (ઇજેક્શન ફ્રૅક્શન એ હૃદયની લોહીને ધક્કો મારવાની ક્ષમતા બતાવે છે.)

"ઍન્જિયોપ્લાસ્ટી થઈ ગઈ છે. બધાં પૅરામિટર્સ સુધારા પર છે." ડૉ. પ્રણવે મને સાંજે માહિતગાર કર્યો.

રાત્રે ટિફિન લઈને આવતાં, રેખાબહેનનો દીકરો મને લિફ્ટમાં મળી ગયો. "થેન્ક્યુ મૌલીનભાઈ, અમે ટાઇમસર પહોંચી ગયા. અમને તો એમ જ હતું કે મમ્મીને ઍસિડિટી હશે. Thanks for your guidance."

એકાદ મહિના પછી, પહેલી વાર રેખાબહેન તેમની પૌત્રીને રમાડવા સાંજે બગીચામાં આવ્યાં. હું સ્મયનને હીંચકા નાખી રહ્યો હતો, "કેમ છો આન્ટી?" મેં પૂછ્યું.

"હવે ઘણું સારું લાગે છે. જુઓ પાછી દોડતી થઈ ગઈ. આભાર તમારો." રેખાબહેન પૌત્રીનો હાથ પકડીને ચાલવા લાગ્યાં.

ગોલ્ડન અવરમાં ત્વરિત નિર્ણય કરવાનો મને આનંદ હતો. ફ્લૅટના વૉટ્સઍપ ગ્રુપમાં કઈ "Emergency Medicine" હાથવગી રાખવી તેનો મેસેજ કરતો હતો, ત્યાં સ્મયને કહ્યું, "પપ્પા, પપ્પા, ફાસ્ટ હીંચકા નાખોને..."

# પિતૃત્વ



“અરે, ડૉક્ટરસાહેબ, આ ટાઈ પહેરીને અને ફૉર્મલ શૂઝમાં આમ ચોરપગે પાર્કિંગ એરિયામાં શું કરી રહ્યા છો?” અમારા ફ્લૅટમાં ઉપર રહેતા IRS ગોયેલસાહેબે મને પૂછ્યું.

મેં તેમને આંગળી મોઢા પર મૂકી ધીમે બોલવા ઇશારો કર્યો, ‘હું અત્યારે ડૉક્ટર નહીં, સ્મયનનો પપ્પા છું. ‘Stop ‘n’ Party’નો ‘ડેમ’ આપી રહ્યો છું.’

“હેં?” સ્વાભાવિક છે, એક ડૉક્ટરના મુખેથી આ ટર્મિનોલૉજી સાંભળી તેમને ખૂબ આશ્ચર્ય થયું.

“ગોયલસાહેબ, બગીચામાં બેસો, હું થોડી વારમાં ત્યાં આવીને વાત સમજાવું.” મેં ધીમેથી તેમને જણાવ્યું.

અમારા ફ્લૅટમાં જૂજ ટેનેન્ટ્સ એટલે બાળકો પણ ઓછાં. હું હૉસ્પિટલથી થોડો વહેલો આવવા માટે પ્રયત્ન કરું. સોસાયટીના ઝાંપા પાસે હું પહેલાં ઊતરી જાઉં અને પછી ડ્રાઇવર ગાડી પાર્ક કરવા જાય. બધાં જ બાળકો દોડતાં - દોડતાં આવે. આમ તો રોજ તો ‘Stop ‘n’

Party'માં "દાવ" કોણ લે તે માટે 'પકાવવાની' પ્રક્રિયામાં તેઓ દસ-બાર મિનિટ કાઢી નાખે, પણ મૌલીનઅંકલ આવે એટલે એમણે જ "ડેમ" લેવાનો તેવો આગ્રહ રાખે. બાય ધ વે, "ડેમ" એટલે "દાવ લેવો" તેનું આધુનિક નામ. અને 'Stop 'n' Party' એ આપણો કન્વેનશલ "થપ્પો." હું આંખો મીંચી ૧થી ૨૦ ગણું અને પછી પૂછું "રેડી"? એટલે સૌ પાછા સામેથી "રેડી"નો જવાબ આપી મને ક્લ્યુ પણ આપી દે કે તેઓ ક્યાં સંતાયા છે. હાથમાં લાકડી લઈ ધીમે ધીમે પાર્કિંગની જગ્યાએ જાઉં. બાળકોને સંતાવવા માટે એ સૌથી પ્રિય જગ્યા. પાર્ક કરેલી ગાડીઓના કાચ પાછળથી ડોકાચિયાં કરે. જે બાળકને શોધી નાખું એટલે તેનું નામ દઈ "સ્ટૉપ" કહેવાનું અને ધ્યાન રાખવાનું કે પાછળથી આવી કોઈ ધબ્બો મારી "Party" કરી ના દે. જો એમ થાય તો મારે ફરી નવેસરથી "ડેમ" આપવો પડે. આમ ઘણી જૂની ટર્મિનોલૉજી જેનું નવું નામકરણ થયેલું તે મને ખબર પડે.

બધાં જ બાળકોને એક પછી એક મેં "સ્ટૉપ" કરી દીધાં, બસ સ્મયન જ બાકી હતો. મેં તેને બિલ્ડિંગનાં પગથિયાંમાં સંતાયેલો જોયો. હાથે કરીને, દરવાજા પાસે પહોંચ્યા પછી હું ઊંધો ફરી ગયો, મારી પીઠ સ્મયન તરફ કરી દીધી. પછી તેને શોધવાનો ડોળ કરી રહ્યો હતો અને ત્યાં જ ઝડપથી પાછળથી આવી સ્મયને મારી "Party" કરી નાખી. "Party... Party... Party..." નાનપણમાં કોઈનો થપ્પો કરીએ એટલે કેટલો આનંદ થાય, તેવો આનંદ સ્મયનના મુખ પર હું જોઈ શકતો હતો. "Party તો બનતી હૈ... Party તો બનતી હૈ", બધાંય બાળકો નાચવા લાગ્યાં અને મેં ફરી "ડેમ" આપવા એકથી વીસ ગણવાની શરૂઆત કરી. થોડીક ગેમ રમી સ્મયનની આંગળી પકડી હું ઘરે આવવા નીકળ્યો.

સ્મયને કહ્યું, "પપ્પા, I am sorry."

મેં પૂછ્યું, "કેમ Sorry?"

"પપ્પા હું તમને બહુ જ love કરું છું, તો પણ મેં તમારી "Party" કરી નાખી." તેણે નિર્દોષભાવે આ વાત કરી.

મેં તેને 'હગ' કર્યું અને કહ્યું "That is Okay. ગેમમાં તો આવું ચાલે."

સાડા ચાર વર્ષનું બાળક પણ કેટલું સંવેદનશીલ હોય છે, તેનો મને પરચો મળ્યો. આ જ બાળકોને જો પૂરતો સમય ન આપીએ તો તે કેવાં દુ:ખી થતાં હશે તેનો અણસાર પણ આવ્યો.

"તમે બાળકો માટે સારો સમય કાઢી લો છો." ગોયેલસાહેબ કહ્યું અને મેં સ્મિત આપ્યું.

■

રાત્રે મોડા બેડ પાર બેસીને વિચારતો હતો, ત્યાં ગોયેલસાહેબના શબ્દો યાદ આવ્યા. મને લાગ્યું કે બાળકો માટે મારે કોઈ પ્રયત્ન નથી કરવા પડતા, બસ મારા રૂટીનમાંથી થોડો સમય કાઢી લેવો પડે છે. આ અભિગમ મારામાં કેવી રીતે જન્મ્યો તે વિશે વિચારું, તો મારા સ્મૃતિપટ પર મને કેટલાક કિસ્સાઓ જુદા જુદા સમયે પથરાયેલા દેખાય છે. ચાલો આ આત્મીય વાતોમાં આપને પણ ભાગીદાર બનાવું.

■

નાનપણથી મારા પપ્પાને મેં અમારા માટે ઘણો સમય ફાળવતા જોયા છે. રસોડા અને ચોકની વચ્ચેના દરવાજાની બારસાખથી લટકતા હીંચકા પર રવિવારે બેસીએ અને પપ્પા રોજમેળમાં હિસાબ ટપકાવતાં અમને હીંચકા નાખે તે ત્રણ-ચાર વર્ષના મૌલીન માટે જાણે જાહોજલાલી હતી. હું સ્વિમિંગ માત્ર સાડા પાંચ વર્ષની ઉંમરે શીખી ગયો હતો, તેનું કારણ પણ મારા પપ્પા જ હતા. રોજ સવારે સાડા છ વાગ્યે મને અને મોટા ભાઈને લાલ દરવાજા એ.એમ.ટી.એસ. બસમાં લઈને આવે. લાલ દરવાજાના સ્વિમિંગ પૂલમાં, પહેલાં "લર્નિંગ"ના નાના પૂલ તરફ લઈ જાય. અમને થોડી વાર ઝાંપા બહારથી જોઈ, લાલ દરવાજાથી બીજી બસ પકડી તેમની જૉબ પર જાય. ૮૨ નંબરની બસના ડ્રાઇવર-કંડક્ટરને તેમણે વાત કરી રાખેલી કે બે બાળકો આવશે. તેમને શાંતિનગર ઉતારી દેવાં. મમ્મી અમને નિયત સમયે બસસ્ટૅન્ડ પર લેવા આવે. એ સમયે મોબાઇલ-પેજર કંઈ હતું નહીં. પણ મારાં બાળકો શરૂઆતથી જ સ્વિમિંગ શીખી લે તે ઇચ્છા પપ્પામાં ખૂબ પ્રબળ હતી. મારી "જાણકાર"ની પરીક્ષામાં ઊંચાઈ પર આવેલા બોર્ડ પરથી જમ્પ કરી પછી "લેન્થ" પૂરી કરતાં પોતાના ૬ વર્ષના દીકરાને જોવાનો જીવ

પપ્પાનો ચાલતો નહોતો, એટલે તેમણે મમ્મીને મોકલેલી. તેઓ બંને આખો દિવસ નવકાર મંત્ર ગણતાં હતાં, જાણે એ તેમની જ પરીક્ષા હતી.

પંદર દિવસે એક વાર લૉ ગાર્ડનની પાછળ આવેલા પ્લે-એરિયામાં મંકી બાર પર લટકવાનું હોય કે રૉકેટની ટોચને અડવાનું હોય, પપ્પા હંમેશાં બૂમો પાડી અમને હિમ્મત આપતા.

■

એક વાર ડૉ. રાયબાગકારને મેં પૂછ્યું, "સાહેબ, આવતા શનિવારે એક ઑપરેશન રાખવું છે, તમને આવવાનું ફાવશે?"

"મૌલીન, મારે આણંદ બાબાને મળવા જવાનું છે. બીજો કોઈ દિવસ ગોઠવને?" સાહેબ તેમના પપ્પાને "બાબા" કહી સંબોધતા.

"સાહેબ, હું જોઉં છું, તમે દર અઠવાડિયે તમારા પપ્પાને મળવા જવાનું ચૂકતા નથી. મને એ ખૂબ ગમે છે."

"મૌલીન, આપણાં મા-બાપને આ ઉંમરે આપી શકાતી સૌથી મોટી ભેટ એ સમય છે. તેમના માટે કંઈ પણ કરીએ તે ઓછું છે. એક વાર હું નાનો હતો અને એસ.ટી. બસમાં બાબા મને લઈ બહાર જતા હતા. અચાનક મને "વૉમિટ" થઈ. બાબાએ તેમના ખોબામાં મારું "વૉમિટ્સ" ઝીલી, આગળ આવતા સ્ટૅન્ડ સુધી પકડી રાખ્યું, ને પછી ઉતારી બધું જ સાફ કર્યું. એક આત્મીય પિતા જ આમ કરી શકે." આ પ્રસંગ મને સ્પર્શી ગયો.

■

એલેન ડીમેગ્લીઓ એ યુરોપમાં "ક્લબફૂટ" સારવારના ભીષ્મ પિતામહ ગણાય છે. તેમણે "ક્લબફૂટ" ડિફૉર્મિટીનું વર્ગીકરણ વિશ્વને આપ્યું છે અને વિશ્વના જુદા જુદા ત્રીસ દેશોમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે નિમંત્રણ મેળવેલું છે. ડૉ. ડીમેગ્લીઓ મને મુંબઈ ઍરપોર્ટ પર મળી ગયા. અમારે નૅશનલ કૉન્ફરન્સ માટે પૂના જવાની ફ્લાઇટ પકડવાની હતી. અમારી પાસે બે કલાકનો સમય હતો. ડૉ. ડીમેગ્લીઓએ મારી પ્રૅક્ટિસ વિશે પૂછ્યું, હું ક્યાં પ્રૅક્ટિસ કરું છું, મારા વર્કિંગ અવર્સ કેટલા છે, મારા ફૅમિલીમાં કોણ છે અને મને બીજા શું શોખ છે. એક યુવાન ડૉક્ટર તરીકે મેં તેમને મારી વ્યસ્તતા

વિશે હોંશભેર વાત કરી. રવિવારે પણ હું આઉટરીચ ઓપીડી માટે બીજા શહેરમાં જતો, તેમ જણાવ્યું. યુરોપની જેમ અઠવાડિયામાં સાડા ચાર નહીં, પણ સાતમાંથી છ દિવસ કામ કરું છું તેમ કહેતાં હું ગર્વ અનુભવી રહ્યો હતો. મારી વાત શાંતિથી સાંભળ્યા પછી, તેમણે મને જે સલાહ આપી, તે મારા હૃદયસોંસરવી ઊતરી ગઈ. “બહુ સરસ મૌલીન. મારી ૩૫ વર્ષની પ્રૅક્ટિસ બાદ હું એ શીખ્યો છું કે તમારી યુવાનીમાં રહેલી વ્યસ્તતા એ જીવનની સંધ્યાએ તમારી અવગણના તરફ ના લઈ જાય તે માટે પહેલેથી જ ધ્યાન રાખવું જોઈએ. જે પિતા ડાઇનિંગ ટેબલ અને સ્ટડી ટેબલ પર બાળક સાથે વધુ સમય વિતાવે છે, તે બાળકોના “પ્રાયોરિટી ટેબલ”માં સૌથી ઉપર હોય છે. મારી વ્યાવસાયિક વ્યસ્તતાના લીધે, મારાં બાળકોને સૌથી વધુ જરૂર હતી ત્યારે હું સમય આપી શક્યો નહોતો. આજે તેઓને મારા માટે સમય નથી હોતો. મારા જ કૌટુંબિક પ્રસંગોમાં હું બહારની વ્યક્તિ હોઉં તેવો ક્યારેક અહેસાસ થાય છે. તું તારા જીવનમાં તેમ ન થવા દેતો.” મને મારી જ એક કવિતા યાદ આવી ગઈ.

“ગઈ કાલની મારી મોટી પ્રતિષ્ઠા, આજે એક ઝીણી યાદ થઈ ગઈ.
ને ત્યારે ગુમાવેલી સ્વજનો સાથેની પળો, એ કાયમી ફરિયાદ થઈ ગઈ!”

■

અમેરિકાના તત્કાલીન પ્રેસિડન્ટ બેરેક ઓબામાને શાંતિ માટેનું નોબેલ પારિતોષિક મળવાનું હતું. પુરસ્કાર સમારોહના દિવસે ઓબામાહાઉસમાં અશાંતિનું વાતાવરણ સર્જાઈ ગયું હતું. તે જ દિવસે તેમની દીકરીના ‘પપ્પી’ (પાલતુ કૂતરા)નો બર્થડે હતો, જેની ઉજવણી ન કરી શકવાના કારણે, બેરેક ઓબામાની દીકરીઓ તેમના પર નાખુશ થઈ હતી. બાળકો માટે તેમના પિતા એ ડૉક્ટર, પ્રેસિડન્ટ, ઍક્ટર કે પ્રોફેસર પહેલાં એક પપ્પા જ હોય છે.

**“पास रहकर भी आपसे जब दूरी रहती हैं,**
**हमे क्या पता आपकी भी मजबूरी रहती है।**

**थोड़ा दो पर पूरा वक्त हमे दो पापा,**
**क्यों आपकी हर कहानी अधूरी रहती हैं।”**

■

સદ્‌ગુરુને એક પિતાએ પ્રશ્ન કર્યોઃ “મારાં બાળકો ચાર અને આઠ વર્ષનાં છે. શું મારે તેમના માટે નિર્ણયો લેવા જોઈએ? શું મારે મારા વિચારો તેમના પર લાદવા જોઈએ, કારણ કે તેમને જે તે વિષયમાં આગળ શું થવાનું છે તે ખબર નથી.”

સદ્‌ગુરુએ હસીને જવાબ આપ્યો “before you raise children, raise yourself.” શું તમને તમારા બૉસ ૨૪ કલાક જોડે હશે તો ગમશે? બાળકોને એક સારી કંપની આપો. તેમના પર નિર્ણયો લાદશો નહીં. નાનપણથી બાળકને સારા-નરસાનો ભેદ જાતે પારખવા દો. માત્ર ખરાબ સોબતથી તેમને દૂર રાખો. Fatherhood is a privilage, respect it, don’t abuse it. બાળકના મિત્ર બનવાનો પ્રયત્ન કરો, તેમને જન્મ આપ્યાની સાથે તમારો પિતાનો “રોલ” તમે પૂરો કર્યો છે. તેમના માટે નિર્ણય ના કરો, સાચા નિર્ણયો લેવામાં મદદ કરો.” કેટલી સુંદર વાત. પિતૃત્વ એ એક વિશેષાધિકાર તો છે જ, સાથે સાથે જવાબદારી પણ છે. જવાબદારી આપણા કરતાં કંઈક વધુ સારું આ વિશ્વને આપવાની.

પિતૃત્વ એ બાળકોને માત્ર પ્રેમની સાંકળથી બાંધી રાખવાની નહીં, પરંતુ સંસ્કારની પાંખો આપી તેમને ઊડવા દેવાની પરિભાષા પણ છે.